






# અનુપમની હે અમૃતધારા...!


~ સદ્‌ગુરુ સાધુ પરમ પૂજ્ય અશ્વિનદાદા


વચનામૃત : જેતલપુર-૨નું નિરૂપણ,
નિત્ય સભા, અક્ષરમહોલ, ૨૪ ઑક્ટોબર ૨૦૨૩,
તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી.

**પછી શ્રીજી મહારાજ પ્રત્યે બ્રહ્માનંદ સ્વામીએ નમસ્કાર કરીને પ્રશ્ન પૂછ્યો જે, 'હે મહારાજ ! યતિ તે કોને કહીએ તે કહો.' પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, 'જેને દૃઢ બ્રહ્મચર્ય હોય ને સર્વ ઇન્દ્રિયો પોતાને વશ હોય તેને યતિ જાણવો. તે જે હનુમાનજી તથા લક્ષ્મણજી જેવો હોય તેને યતિ જાણવો. તે હનુમાનજી જ્યારે રામચંદ્રજીની આજ્ઞાને કરીને સીતાજીને ખોળવા સારુ લંકામાં ગયા, ત્યારે જાનકીજીને ઓળખવાં હતાં તે સારુ જેટલી સ્ત્રીઓ લંકામાં હતી તે સર્વને જોતા હવા. તે જોતાં જોતાં, 'આ તો જાનકીજી નહીં, આ તો જાનકીજી નહીં,' એમ વિચારતા સતા મંદોદરીને હનુમાનજી દેખતા હવા. ત્યારે પોતે એમ જાણ્યું જે, 'આ જાનકીજી હશે?' પછી એમ મનમાં વિચાર કર્યો જે, 'જાનકીજીને તો ભગવાન શ્રી રઘુનાથજીનો વિયોગ છે તેણે કરીને આવું શરીર પુષ્ટ હોય જ નહીં અને આવી નિદ્રા પણ ન હોય.' એવો મનમાં વિચાર કરીને હનુમાનજી પાછા વળી નીસર્યા. પછી પોતાને મનમાં એવો સંકલ્પ થયો જે, 'હું યતિ છું ને મેં આ સર્વે સ્ત્રીઓને જોઈયો તેનો મુને કાંઈ બાધ હશે કે નહીં ?' પછી વળી પોતે એમ વિચાર કર્યો જે, 'મેં તો રઘુનાથજીની આજ્ઞાએ કરીને જાનકીજીની ખબર કાઢવી છે તે સારુ સ્ત્રીઓને જોઈયો. તેનો મુને શો બાધ છે?' અને વળી મનમાં એમ વિચાર કર્યો જે, 'મારી વૃત્તિમાં ને મારી ઇન્દ્રિયોમાં રઘુનાથજીની કૃપાએ કરીને ક્ષોભ પણ નથી ઊપજ્યો.' એમ વિચારીને નિઃસંશય થકા ફરીને સીતાજીને ખોળતા હવા. માટે હનુમાનજીની પેઠે વિકારનો હેતુ સતે પણ જેનું અંતઃકરણ નિર્વિકાર રહે એવો જે હોય તે યતિ કહેવાય.**

હનુમાનજીનું દૃષ્ટાંત આપીને ભગવાન શ્રી સ્વામિનારાયણ બ્રહ્માનંદ સ્વામીના પ્રશ્નનો ઉત્તર કરે છે ને યતિની સ્થિતિ અને વ્યાખ્યા સમજાવે છે. સ્વામિનારાયણ ભગવાન એવી વ્યાખ્યા કરે છે કે, જેને દૃઢ બ્રહ્મચર્ય હોય અને સર્વ ઇન્દ્રિયો પોતાને વશ હોય તેને યતિ જાણવો. અને એવા 'રામાયણ'નાં અદ્‌ભુત પાત્રો હનુમાનજી અને લક્ષ્મણજી - એ બેનો આધાર લઈને આ સ્થિતિનું વર્ણન કરીને સંતો, ભક્તોને સમજાવે છે.

અહીંયાં બ્રહ્મચર્ય એટલે માત્ર જનનેન્દ્રિયનો જ સંયમ પાળવો એવો અર્થ થતો નથી. શાસ્ત્રોએ બ્રહ્મચર્ય માટે કહ્યું છે, 'બ્રહ્મેચરતિ ઇતિ બ્રહ્મચર્ય' અને એ વાત અહીંયાં હનુમાનજીના મનમાં શંકા ચાલી રહી છે તે વાતનો જવાબ હનુમાનદાદા આપે છે કે, 'મેં આ સર્વે સ્ત્રીઓને જોઈ તો મને કાંઈ બાધ થશે કે નહીં ?' પછી વળી, પોતે એમ વિચાર કર્યો જે, 'મેં તો રઘુનાથજીની આજ્ઞાએ કરીને જાનકીજીની ખબર કાઢવા માટે સ્ત્રીઓને જોઈ તો મને શો બાધ છે ?' અને વળી મનમાં એમ વિચાર કર્યો કે, 'મારી વૃત્તિમાં અને મારી ઇન્દ્રિયોમાં રઘુનાથજીની કૃપાએ કરીને કોઈ ક્ષોભ પણ નથી ઊપજ્યો.' એમ વિચારીને નિઃસંશય થકા ફરીને સીતાજીને ખોળતા થયા; આ બ્રહ્મચર્યની સ્થિતિ છે.

ગુરુહરિ સાહેબદાદાએ આપણને સર્વને સ્ત્રી અને પુરુષો, ભાઈઓ અને બહેનો, સર્વ ભક્તોને સાથે મળીને બ્રહ્મવિદ્યાના પાઠ શિખવાડવાની અદ્‌ભુત યોજના કરી છે ! એમાં જેતલપુરનું બીજું અને ત્રીજું - આ બે 'વચનામૃત' બહુ મહત્ત્વનાં ને અગત્યનાં 'વચનામૃત' છે. આમાં, હનુમાનજીની શંકા પહેલી એ ટળે છે કે, હું મારી જાતે સ્ત્રીઓને જોવા માટે આવ્યો નથી; પણ, મારા ઈષ્ટદેવ શ્રી રામચંદ્રજીએ મને આજ્ઞા કરી છે. બહુ સુંદર શબ્દપ્રયોગ છે - આજ્ઞા.

ભગવાન શ્રી રામચંદ્રજી હનુમાનજીને કામ સોંપે છે કે, તમે સીતાજીની ભાળ શોધી લાવો. અને આપણે 'રામાયણ'ના સમયકાળનો વિચાર કરીએ તો જ્યારે રામચંદ્રજી અને હનુમાનજીનો મેળાપ થાય છે એ પહેલાં હનુમાનજીને શ્રી રામચંદ્રજીનાં કુટુંબીજનો માતા, પિતા, પત્નીનો કોઈ પરિચય નથી. ઓળખતા હોય એવી વ્યક્તિને આપણને બોલાવવા મોકલે તો આપણે એને ઓળખતા હોઈએ તેથી હાથ પકડીને લઈ આવીએ કે, સાહેબદાદા બોલાવે છે. પણ, હનુમાનજી તો કોઈને ઓળખતા જ નથી. શ્રી રામચંદ્રજી વનમાં નીકળ્યા એ પછી હનુમાનજી સાથે મેળાપ થાય છે. એટલે હનુમાનજીને માટે સીતામાતા એ અજાણી સ્ત્રી છે. અને જેને ઓળખતા નથી એવી સ્ત્રીને શોધી લાવવાનું કામ ભગવાન સોંપે છે. એટલે ઘણી બધી સ્ત્રીઓને જોતાં જોતાં,

'આ સીતાજી નથી' અને એમાં એ રાવણની પત્ની મંદોદરીને જ્યારે જુએ છે, કારણ કે બીજી બધી તો રાક્ષસીઓ હતી. અને હનુમાનજીને ખબર હતી કે રાવણ ઉપાડીને લઈ ગયો છે એટલે સીતામાતાને રાજમહેલમાં જ રાખ્યાં હશે. છત્તર-પલંગમાં સુખેથી નિદ્રા લઈ રહેલાં મંદોદરીને જોઈને એમને પહેલી શંકા એમ થાય છે કે, 'આ સીતાજી હશે?' પછી એમણે અક્કલ કામે લગાડી કે, જે સ્ત્રી પોતાના પ્રિય પાત્ર પતિદેવથી વિખૂટી પડી ગઈ હોય અને જેનું અપહરણ કરીને લઈ આવવામાં આવી હોય એ સ્ત્રીને આવું સુખ હોય નહીં, આવું ચેન હોય નહીં. અને શરીરથી પણ આવી હૃષ્ટપુષ્ટ હોય નહીં. રાવણના રાજ્યમાં મંદોદરી ખાધેપીધે સુખી હતી એટલે શરીરથી તંદુરસ્ત હતી. જુઓ, હનુમાનજી પોતાના ગુરુની, પ્રભુની આજ્ઞા પાળવા માટે પોતાની બુદ્ધિ અને શક્તિ બંનેને કામે લગાડે છે. પોતે શક્તિશાળી તો છે જ, છલાંગ મારીને દરિયો કૂદીને આવ્યા છે, પણ મંદોદરીને જોઈને સાથે સાથે બુદ્ધિ પણ કામે લગાડે છે કે, આ પતિથી વિખૂટી પડેલી પત્ની હોય એવું લાગતું નથી. એ તો વિયોગમાં ઝૂરતી હોય, ખાધા-પીધા વગર દુઃખી અને અજંપાથી રાત્રિ પસાર કરતી હોય. એટલે મંદોદરીને જોયા પછી પણ એમને એમ થાય છે કે, 'ના, આ સીતાજી નથી.'

બહુ સુંદર રીતે શ્રી સ્વામિનારાયણ ભગવાને 'વચનામૃત'માં 'રામાયણ', 'મહાભારત' અને 'ભાગવત' - ત્રણ ગ્રંથોનો આધાર લઈને, આવાં પાત્રોનો પરિચય આપીને આધ્યાત્મિક બાબત સમજાવી છે. સભામાં પાછા બ્રહ્માનંદ સ્વામી જેવા - જે પોતે જ જતિ છે, કેટલીય કળાના વિદ્વાન હતા, કેટલા કિલો સોનાનાં ઘરેણાં પહેરીને તેઓ રાજપાટમાં જીવતા હતા ને એમાંથી એમણે દીક્ષા લીધી છે - એવા સંત ભગવાન શ્રી સ્વામિનારાયણને પ્રશ્ન પૂછે છે. 'યતિ' શબ્દ સંસ્કૃતનો છે. એનું ગુજરાતીમાં અપભ્રંશ થયેલો શબ્દ છે જતિ. યતિ અથવા જતિ એટલે જેણે ઈન્દ્રિયો ઉપર વિજય મેળવ્યો છે.

આજે બહુ સારા દિવસે - વિજયા દશમીએ આ 'વચનામૃત' નીકળ્યું છે. આવતી કાલે એકાદશી આવશે. પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો અને એની સાથે અગિયારમું મન; એનાં ઉપર જેણે સંયમ પ્રાપ્ત કર્યો છે તેને શાસ્ત્રોએ યતિ કીધા છે. ઈન્દ્રિય નિગ્રહની પહેલી બાબત અને મનની વૃત્તિને ભગવાનમાં અખંડ જોડી રાખવી એ બીજી બાબત. મનની વૃત્તિને અખંડ ભગવાનમાં જોડી રાખવા માટે ઈન્દ્રિયોનો નિગ્રહ પણ એટલો જ જરૂરી છે. નિગ્રહ એટલે કે સંયમ. અને એ બે જેણે પ્રાપ્ત કર્યું છે એને યતિ કહેવામાં આવે છે. એનું મન પણ ભગવાનમાં છે.

હનુમાનદાદાનું મન પણ રઘુનાથજીની સેવામાં છે. રઘુનાથજીની આજ્ઞાએ તેઓ સીતામાતાની ભાળ કાઢવા માટે લંકામાં આવ્યા છે. અને સ્વાભાવિક છે કે, પુછાય તો નહીં કે, 'તું સીતા છે ?' અને આટલી બધી સ્ત્રીઓને જોઈ, હવે ઈન્દ્રિયોનો નિગ્રહ અને મનની વૃત્તિ અખંડ ભગવાનમાં જોડી રાખી એની ખાતરી હનુમાનજી પણ કરે છે કે, મનમાં એમ વિચાર કર્યો જે, મારી વૃત્તિમાં અને મારી ઈન્દ્રિયોમાં રઘુનાથજીની કૃપાએ કરીને ક્ષોભ નથી થયો. વિકારનો ભાવ મનમાં પણ નથી ઊપજ્યો અને ઈન્દ્રિયોમાં પણ નથી ઊપજ્યો. અને કોની કૃપાથી ? રઘુનાથજીની કૃપાથી. 'મેં આવો સંયમ રાખ્યો' એવો ભાવ નથી, પણ મારા પ્રભુ, મારા ગુરુની કૃપા છે કે, આવા લોકની વચ્ચે રહેવા છતાં પણ હું એનાથી અલિપ્ત ! જેને સાહેબદાદા કહે છે એમ, પાણીમાં પડીએ પણ ભીના થયા વગર કોરા ને કોરા બહાર નીકળીએ. વળી, મનમાં એમ વિચાર કર્યો જે, મારી વૃત્તિમાં અને મારી ઈન્દ્રિયોમાં રઘુનાથજીની કૃપાએ કરીને ક્ષોભ પણ નથી ઉપજ્યો. એમ વિચારીને નિઃસંશય થકા ફરીને સીતાજીને શોધવા માટે નીકળ્યા. જો વિકાર થયો હોત તો આગળ જતા અટકી જાત. વિકાર થયો નથી ને સીતાજી મળ્યાં નથી એટલે ફરીથી નિઃસંશય થકા સીતાજીને શોધવા માટે આગળ નીકળ્યા. 'નિઃસંશય થકા' આ સ્થિતિ છે મનની અને ઈન્દ્રિયોની. માટે હનુમાનજીની પેઠે વિકારનો હેતુ હોવા છતાંય પણ જેનું અંતઃકરણ નિર્વિકાર રહે છે એવું જે હોય એને જતિ કહેવાય. ના મળે અને ઉપવાસ કરીએ એ સ્થિતિ જુદી છે અને રાજભોગ સામે પડ્યો હોય ને ખાવાની ઈચ્છા પણ થાય નહીં એ સ્થિતિ જુદી છે. શ્રી સ્વામિનારાયણ ભગવાન બહુ સુંદર રીતે આ સ્થિતિનો ભેદ સમજાવે છે કે, વિકારનો હેતુ- વિકાર પેદા થાય તેવું કાર્ય સોંપ્યું છે, છતાં પણ જેનું અંતઃકરણ નિર્વિકાર રહે છે એવો જે હોય તેને યતિ કહેવાય.

'મારી ઈન્દ્રિયોમાં રઘુનાથજીની કૃપાએ કરીને ક્ષોભ પણ નથી ઊપજ્યો.' હનુમાનજી પોતે પોતાના અંતરાત્મામાં ને હૃદય ઉપર હાથ રાખીને પૂછે છે એટલે એમને ખબર પડે કે મને ક્ષોભ ઊપજ્યો કે ના ઊપજ્યો ? 'એમ વિચારીને નિઃસંશય થકા...' હવે કામ જો આગળ ચાલુ રાખવું હોય તો, નિર્વિકાર તો છે જ, પણ સાથે સાથે નિઃસંશય સ્થિતિ પણ હોવી જોઈએ. થશે કે નહીં થાય ? મળશે કે નહીં મળે ? આપણે રહ્યા બ્રહ્મચારી ને આપણને આ કામ ક્યાં સોંપ્યું ? આવા બધા બુદ્ધિના જેને તર્ક ઊઠે છે એ ગુરુની-પ્રભુની આજ્ઞામાં નિઃસંશય થઈને ઝુકાવી શકતો નથી, તેને ડગમગાટ રહે છે. અને જેને ડગમગાટ રહે છે તેને કાર્ય કર્યાની સફળતા પ્રાપ્ત થતી નથી, અને કદાચ પ્રભુકૃપાથી સફળતા પ્રાપ્ત થાય તો હૈયાને વિશે એનો સંતોષ અને આનંદ પ્રગટતો નથી. 'એમ વિચારીને નિઃસંશય થકા ફરીને સીતાજીને શોધતા હવા' હનુમાનજી નિરાશ પણ નથી થયા. આટલી બધી સ્ત્રીઓને જોઈ, ક્યાંય સીતાજી જડ્યાં નહીં. 'તો અહીં હશે જ નહીં, ચાલો પાછા...' એવી ઉતાવળ કરતા આપણે ઘણી વખત અધૂરાં કામ મૂકીને પાછા વળી જઈએ છીએ.

**'હનુમાનજીની પેઠે વિકારનો હેતુ સતે પણ જેનું અંતઃકરણ નિર્વિકાર રહે એવો જે હોય તે યતિ કહેવાય.'** જતિ કહેવાય. સંપ્રદાયમાં ગોપાળાનંદ સ્વામી માટે 'યતિ' શબ્દ વાપર્યો છે, એમના માટે 'ગોપાળયોગી' એવો શબ્દપ્રયોગ પણ થાય છે. ગુણાતીતની સ્થિતિ - ત્રણ પ્રકારના ગુણના ભાવથી ઉપર ઊઠી જઈને બ્રહ્માકાર વૃત્તિથી જે જીવે છે તે બ્રહ્મચારી છે. જેમની મનની વૃત્તિ અખંડ ભગવાનમાં જોડાયેલી રહે છે તે બ્રહ્મચારી છે.

**અને વળી જ્યારે જાનકીજીનું હરણ થયું ત્યારે રઘુનાથજી ને લક્ષ્મણજી એ બેય વનમાં સીતાજીને ખોળતાં ખોળતાં જ્યાં સુગ્રીવ ફટકશીલા ઉપર હતો ત્યાં ગયા. ત્યારે સુગ્રીવને જણાવ્યું જે, 'જાનકીજીનું હરણ થયું છે, તે માટે આંહીં આવ્યા છીએ. તે જો તમને કાંઈ ખબર હોય તો કહો.' ત્યારે સુગ્રીવે કહ્યું જે, 'હે મહારાજ ! આકાશને વિષે, હે રામ ! હે રામ ! એવો શબ્દ થતો હતો તે મેં સાંભળ્યો હતો. અને બીજું જે, આ ચીરમાં બાંધીને ઘરેણાં પડતાં મૂક્યાં હતાં તે મારી પાસે મેં રાખ્યાં છે.' ત્યારે રઘુનાથજીએ કહ્યું જે, 'લાવો, તે જોઈએ.' ત્યારે તે ઘરેણાં સુગ્રીવે રઘુનાથજીને આપ્યાં. પછી રઘુનાથજીએ લઈને લક્ષ્મણજીને દેખાડ્યાં. તે પ્રથમ તો કાનનાં દેખાડ્યાં. પછી હાથનાં બાજુબંધ આદિક દેખાડ્યાં. તે લક્ષ્મણજીએ ન ઓળખ્યાં. ત્યાર પછી પગનાં ઝાંઝર દેખાડ્યાં ત્યારે લક્ષ્મણજીએ કહ્યું જે, 'હે મહારાજ ! આ તો જાનકીજીનાં ઝાંઝર છે.' ત્યારે રઘુનાથજીએ પૂછ્યું જે, 'હે લક્ષ્મણજી ! બીજાં ઘરેણાં ન ઓળખ્યાં ને પગનાં ઝાંઝર કેવી રીતે ઓળખ્યાં?' ત્યારે લક્ષ્મણજીએ કહ્યું, 'હે મહારાજ ! જાનકીજીનું સ્વરૂપ તે મેં નથી દીઠું.'**

આ યતિની સ્થિતિ. જેવી હનુમાનજીની સ્થિતિ છે એવી લક્ષ્મણજીની સ્થિતિ છે. શ્રી રામચંદ્રજી શ્રી લક્ષ્મણજીની પણ પરીક્ષા લે છે. કાનનાં કુંડળ ના ઓળખ્યાં. હાથનાં બાજુબંધ ના ઓળખ્યાં. પગનાં ઝાંઝર દેખાડ્યાં ત્યારે લક્ષ્મણજીએ કહ્યું કે, 'હે મહારાજ ! આ તો જાનકીજીનાં ઝાંઝર છે.' જતિ – ચૌદ વરસ ભેગાં રહ્યાં છે, પણ કોઈ દિવસ નજર ઊંચી કરીને, આંખથી આંખ મિલાવીને લક્ષ્મણજીએ સીતામાતાને જોયાં નથી. પણ એમનો નિયમ હતો દરરોજ સાંજે સીતામાતાને પ્રણામ કરવાનો.

**અને મેં ચરણારવિંદ વિના બીજું સીતાજીનું કોઈ અંગ દેખ્યું નથી. અને સાંજે પગે લાગવા જતો ત્યારે ઝાંઝર દીઠાં હતાં, માટે મેં ઝાંઝર ઓળખ્યાં.**

શ્રી સ્વામિનારાયણ ભગવાને પુરુષોને, ત્યાગીઓને નીચી નજરે ચાલવાની આજ્ઞા કરી છે. 'બાઈઓને દેખી ભાઈઓ આઘેરા ચાલે' એવાં પદ, કીર્તન રચ્યાં છે. યોગીબાપાની ભાષામાં કહીએ તો, ફાટી નજરે ફરતો હોય એ સામે જે આવે એ બધું જોતો હોય અને એટલું બધું મગજમાં ઘાલતો હોય. પછી મનની વૃત્તિ ભગવાનમાં અખંડ કેવી રીતે રહે ?

**એવી રીતે ચૌદ વર્ષ સુધી સેવામાં રહ્યા પણ દૃષ્ટિએ કરીને જાનકીજીનું સ્વરૂપ એક ચરણારવિંદ વિના બીજું દીઠું નહીં; માટે એવો હોય તે યતિ જાણવો.**

હનુમાનજીની સ્થિતિ બતાવીને તેમને યતિ કહ્યા. લક્ષ્મણજીની સ્થિતિ બતાવીને તેમને યતિ કહ્યા. એટલે ભગવાન શ્રી રામચંદ્રજીની જય બોલીએ છીએ ત્યારે 'રામ, લક્ષ્મણ, જાનકી, જય બોલો હનુમાન કી' બોલીએ છીએ. આ પાત્રો ભગવાનના અવતારની સાથે જોડાયેલાં પાત્રો છે. એ પાત્રોની જે સ્થિતિ છે, એને શ્રી સ્વામિનારાયણ ભગવાને ટૂંકમાં કહી દીધી કે, પહેલાં થઈ ગયેલા અવતાર અને એમના સમયના સંતો અને ભક્તો – એમનું જેવું માહાત્મ્ય સમજો છો, એવું અત્યારે ભગવાનનું પ્રગટ સ્વરૂપ અને એમના સમયના સંતો અને ભક્તોનું માહાત્મ્ય સમજવું; કરવા જેવી બાબત આ છે.

**એમ કહીને શ્રીજી મહારાજ બોલ્યા જે, 'આ બ્રહ્માનંદ સ્વામી છે તે પણ તે જેવા જ છે.'**

બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને પ્રશ્ન પૂછ્યો, તો મહારાજ સભાજનોને, બાકીના સંતો-ભક્તોને હવે મહિમાની વાત કરે છે કે, અમે એવા પ્રગટ ભગવાન ને અમારા આ સાધુ બ્રહ્માનંદ – એ પણ જીવતો જાગતો જતિ છે; એવો મહિમા સમજો એ મુદ્દો છે. જે કહેવાની વાત છે એ પણ શ્રી સ્વામિનારાયણ ભગવાને કહી દીધી કે, આ બ્રહ્માનંદ સ્વામી છે એ પણ એવા હનુમાનજી અને લક્ષ્મણજી જેવા જ છે.

**એમ સર્વે સભાને સાંભળતે સતે બ્રહ્માનંદ સ્વામીની શ્રીજી મહારાજે યતિપણાની બહુ પ્રશંસા કરીને ગામ બહાર પધાર્યા ને યજ્ઞ થયા હતા તે ઠેકાણે પરથાર ઉપર ઢોલિયો બિછાવ્યો હતો તે ઉપર પોતે વિરાજમાન થયા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.**

આ જ 'વચનામૃત'માં ફરીથી પાછી બીજી સભા થાય છે, પણ આજની સભામાં અહીંયાં આપણે પૂર્ણાહુતિ કરીએ છીએ.

આવા પ્રભુના અવતારો, પ્રભુનાં સ્વરૂપો, ભગવાન શ્રી સ્વામિનારાયણના આશીર્વાદથી તેઓ સદા દિવ્ય, સાકાર, પ્રગટ અને પ્રત્યક્ષ છે અને એમના સમયમાં પણ આવા ઇન્દ્રિયનિગ્રહ અને નિર્વિકાર મન પ્રાપ્ત કરેલા સંતો-ભક્તો હયાત છે. એમને જાણવા, ઓળખવા, એમનો મહિમા સમજવો અને એવા સ્વરૂપને વિશે આપણો સમર્પણભાવ કરવો એ મહત્ત્વનો મુદ્દો છે !

શ્રી ઠાકોરજી મહારાજ, ગુરુહરિ સાહેબદાદાના શ્રી ચરણોમાં પ્રાર્થના કરીએ કે, અમારી પણ મનની આવી નિર્વિકાર અવસ્થા આપ કૃપા કરીને પ્રાપ્ત કરાવજો. આપ જેવા ક્રિયાયોગોમાં અમને જોડો એવા ક્રિયાયોગોમાં આપની કૃપા અને અનુગ્રહથી અમે અમારી મનની વૃત્તિને આપનામાં જોડી રાખીને, એક યંત્ર બનીને અમારા તંત્રને વાપરતા શીખી જઈએ અને 'બ્રહ્મેચરતિ ઇતિ બ્રહ્મચર્ય' મનની વૃત્તિ અખંડ ભગવાનમાં રાખીને એવું તનનું અને મનનું બ્રહ્મચર્ય પાળનારા ભગવા હૃદયના સાધુ અમે બની રહીએ એવી આપના શ્રીચરણોમાં મંગલ પ્રાર્થના !

જય શ્રી સ્વામિનારાયણ ! ◆